BUSINESS મિત્ર

બેન્ક નિફ્ટી અને સેન્સેક્સ સુધર્યા, નિફ્ટી સપાટ રહી

એક્સપાયરીએ સેન્સેક્સ પોઝિટિવ, પણ રોકાણકારોની કમાણી ઘટી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પરના ડીલની અપેક્ષાએ ભારતીય શેરબજારમાં સુધારાની ચાલ જોવા મળી હતી. આજે નિફ્ટી સપાટ રહી હતી, પણ સેન્સેક્સ તથા બેન્ક નિફ્ટી સુધારા સાથે બંધ રહ્યા હતા. સેન્સેક્સ એક્સપાયરી વચ્ચે સીમિત દાયરામાં સેન્સેક્સ પોઝિટિવ રહ્યું હતું, પણ રોકાણકારોની કમાણી ઘટી હતી. જ્યારે નિફ્ટી નજીવા સુધારા સાથે સપાટ બંધ રહ્યા હતા. બ્રોડર માર્કેટ પણ ઠીકઠાક જોવાયું હતું.

સેકટર વાઇઝ જોઈએ તો આઈટી, ઓટો અને મેટલ સેકટરોએ બજાર પર દબાણ લાવવા માટે સખત પ્રયાસ કર્યા હતા. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ એક ટકા નબળો રહ્યો હતો, જ્યારે સર્વિસ સેકટરના નબળા ડેટાની અસર આઈટી સેકટર પર જોવા મળી છે. જોકે, પીએસયુ બેન્ક શેરો 2 ટકાથી વધુ ઉછળ્યા હતા. એસબીઆઇના પરિણામો પુર્વે પીએસયુ બેન્ક શેરોમાં કરન્ટ જોવાયો હતો.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 494 લાખ કરોડથી ઘટીને 493 લાખ કરોડ પર પહોંચી છે. આમ, રોકાણકારોને રૂ. 48 હજાર કરોડનો ઘટાડો નોંધાયો છે.

બીએસઇ સેન્સેક્સ 373.76 પોઇન્ટ એટલે કે 0.48 ટકા વધીને 78954.76 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 78954 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 78633 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 11.35 પોઈન્ટ એટલે કે 0.05 ટકા વધીને 24636 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24677 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24604 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 323.70 પોઇન્ટ એટલે કે 0.56 ટકા વધીને 58000 પોઇન્ટની સપાટી કુદાવીને 58063.765 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે જેકે લક્ષ્મી સિમેન્ટમાં 41.43 ગણા, કલીન સાયન્સ એન્ડ ટેકનોમાં 10.32 ગણા, ન્યુલેન્ડ લેબમાં 9.76 ગણા, કયુમીન્સ ઇન્ડિયા 8.74 ગણા, નવીન ફલોરીનમાં 5.61 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે નવીન ફલોરીનમાં 21.8 ગણા, ન્યુલેન્ડ લેબમાં 21.66 ગણા, કોહાન્સ લાઇફસાયન્સીસમાં 17.51 ગણા, ઓથમ ઇન્વેસ્ટમેન્ટમાં 9.97 ગણા, ટાટા ટેકનોમાં 7.81 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં સપાટ રહ્યો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેકસ 0.01 ટકા અને સ્મોલકેપ ઇન્ડેકસ 0.25 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ સપાટ રહ્યું હતું. બીએસઇ ખાતે 2114 શેરો વધ્યા હતા, જ્યારે 2160 શેરો ઘટ્યા હતા તથા 219 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેકસ 2.20 ટકા વધ્યા હતા. જેમાં યુનિયન બેન્ક, સ્ટેટ બેન્ક, ઇન્ડિયન બેન્ક, બેન્ક ઓફ બરોડા, કેનેરા બેન્ક, ઇન્ડિયન ઓવરસીઝ બેન્ક, બેન્ક ઓફ ઇન્ડિયા, સેન્ટ્રલ બેન્ક, પંજાબ નેશનલ બેન્ક અને પંજાબ એન્ડ સિંધ બેન્ક વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે વ્યાપક બજારના આશાવાદ વચ્ચે યુરોપિયન બજારો આગળ વધ્યા હતા. જે ગત સત્રમાં એઆઇ સંચાલિત રેલી પછી એશિયન બજારો આજે મિશ્ર રહ્યા હતા. ઇરાન અને યુએસ વચ્ચે પાંચ મહિનાના યુદ્ધનો અંત લાવવામાં મદદ કરવા માટે ઇરાન અને ઓમાન વચ્ચેના પ્રસ્તાવિત કરારથી તેહરાનને હોર્મુઝ સ્ટ્રેટમાં પ્રવેશતા જહાજો પર નિયંત્રણ મળશે, જે ઇરાનને અત્યાર સુધીની સૌથી મોટી છૂટછાટ છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.16 ટકા, કેક 0.70 ટકા અને ડેક્સ 0.27 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી એક ટકા, હેંગસેંગ 1.52 ટકા, તાઇવાન 0.48 ટકા, કોસ્પી 4.79 ટકા, જકાર્તા 0.12 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે શાંઘાઇ 0.56 ટકા અને સ્ટ્રેઇટસ 1.02 ટકા વધ્યા છે.

સેન્સેક્સ	373.76	78954.76
નિફ્ટી	11.35	24636.00
બેન્ક નિફ્ટી	323.70	58063.65

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ ઇન્ડ.	3.52	1325.00
એસબીઆઇ	2.84	1085.00
બીઇએલ	2.36	399.20
ઇટર્નલ	1.90	316.25
ટાઇટન કંપની	1.74	4998.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	3.90	270.75
ટાટા સ્ટીલ	1.91	189.30
જએસડબલ્યુ સ્ટીલ	1.66	1307.90
ટીસીએસ	1.66	2373.00
બજાજ ઓટો	1.53	11620.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ ઇન્ડ.	3.43	1325.00
એસબીઆઇ	3.02	1084.85
બીઇએલ	2.56	399.15
ICICI બેન્ક	2.28	1476.95
ઇટર્નલ	1.99	317.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	3.99	270.75
ટીસીએસ	2.06	2370.00
ઇન્ટરગ્લોબ	1.49	5321.00
મહિન્દ્રા-મહિન્દ્રા	1.41	3415.00
મારૂતિ સુઝુકી	1.15	13997.00

રૂપિયામાં નરમાઇ, 9 પૈસા ઘટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: કરન્સી બજારમાં આજે ડોલરમાં નજીવો સુધારો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 9 પૈસા ઘટીને 95.22ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રિપયો 95.13ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.44, પાઉન્ડ 128.67, કેનેડિયન ડોલર 68.01, ઓસ્ટ્રેલિયન ડોલર 66.65, જાપાનીઝ યેન 0.6030 અને સીંગાપોર ડોલર 74.39ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.22 રૂ.
યુરો	109.44 રૂ.
પાઉન્ડ	128.67 રૂ.
યેન	0.6030 રૂ.

વિશ્વભરના શેરબજારોમાં મિશ્ર પ્રવાહ: કોરિયાનો કોસ્પી ૪.૬ ટકા ગગડ્યો

હોર્મુઝ ખુલવાની આશા છતાં બજારો પર અનિશ્ચિતતાનો ઓછાયો, ક્રૂડના ભાવ સ્થિર

બેંગકોક, તા. 6(એપી): યુરોપ અને એશિયાના શેરબજારોમાં ગુરુવારે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. મેમરી ચિપ નિર્માતા એસકે હાયનિક્સ સહિત કેટલીક મોટી ટેક કંપનીઓના શેરોમાં કડાકા બાદ દક્ષિણ કોરિયાનો કોસ્પી 4 ટકાથી વધુ ગબડ્યો હતો.

ક્રૂડ તેલના ભાવ સ્થિર રહ્યા હતા, જેમાં બ્રિન્ટ ક્રૂડ પ્રતિ બેરલ 79 ડોલર નજીક કારોબાર કરી રહ્યું હતું. હોર્મુઝની સામુદ્રધુની ફરી ખુલવાની આશાઓ છતાં, ઈરાન સાથેના અમેરિકાના યુદ્ધની દિશા અંગેની અનિશ્ચિતતા હજુ પણ બજારો પર છવાયેલી છે. S|P 500 ફ્યુચર્સમાં 0.1 ટકાનો વધારો થયો હતો, જ્યારે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજના ફ્યુચર્સમાં 0.2 ટકાનો સુધારો જોવા મળ્યો હતો. SPI એસેટ મેનેજમેન્ટના સ્ટીફન ઈન્સે એક ટિપ્પણીમાં જણાવ્યું હતું કે, એશિયાના ચિપ સેક્ટરમાં વેચવાલી એ શુક્રવારના નોન-ફાર્મ પેરોલ રિપોર્ટ પહેલા પ્રોફિટ-બુકિંગ અને જોખમ ઘટાડવાના પ્રયાસનું મિશ્રણ હોય તેવું લાગે છે. સીઓલમાં બજાર ખુલતા પહેલા 30 ટકા ગબડ્યા બાદ એસકે હાયનિક્સમાં 10.4 ટકાનો કડાકો બોલ્યો હતો. કોસ્પી 4.6 ટકા ઘટીને 6,296.38 ના સ્તરે બંધ રહ્યો હતો.

યુરોપિયન બજારોની શરૂઆતી સમયમાં, જર્મનીનો DAX 26,126.08 પર સ્થિર રહ્યો હતો, જ્યારે પેરિસનો CAC 40 0.7 ટકા ઉછળીને 8,730.85 પર પહોંચ્યો હતો. બ્રિટનનો FTSE 100 પણ 0.2 ટકા વધીને 10,913.07 થયો હતો. જાપાનનો નિક્કી 225 0.9 ટકા ઘટીને 65,683.26 પર બંધ રહ્યો હતો. હોંગકોંગનો હેંગ સેંગ 1.7 ટકા ઘટીને 25,470.93 પર આવ્યો હતો, જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.6 ટકા વધીને 3,900.35 પર પહોંચ્યો હતો. ઓસ્ટ્રેલિયાનો S|P/ASX 200 0.5 ટકા વધીને 9,271.60 પર પહોંચ્યો હતો. ભારતનો સેન્સેક્સ થોડો વધીને બંધ થયો હતો.

ખાંડના ભાવમાં છેલ્લા મહિનામાં 17 ટકાનો વધારો : છૂટક ભાવ રૂ. 55 થયો

લઘુતમ ટેકાના ભાવ વધારવા ખાંડ ઉદ્યોગની માંગ

મુંબઈ, તા. 6 : છેલ્લા એક મહિનામાં ખાંડના ભાવમાં વિક્રમી 17 ટકા જેટલો વધારો થયો છે. સમગ્ર ભારતમાં સરેરાશ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. 3,960 થઈ વધીને રૂ. 4,620 થયા છે. આ વધારો અલ નીનોની અસર અંગે અનિશ્ચિતતા અને ઉત્પાદનના ઘટાડાને કારણે જોવાયો છે.

ભારતના ખાંડ ઉદ્યોગને અપેક્ષા છે કે સરકાર ખાંડના વધતા ભાવોને નિયંત્રિત કરવા માટે વધારાના પગલાં અમલમાં મૂકશે. ગયા અઠવાડિયામાં ભાવમાં 4.3 ટકા અને છેલ્લા એક મહિનામાં લગભગ 17 ટકાનો વધારો થયો છે. છૂટક બજારમાં ખાંડના કિલોના ભાવ રૂ. 55 બોલાઈ રહ્યા છે.

સરકારે 28 જુલાઈથી ખાંડના ડીલરો પર સ્ટોક મર્યાદા લાદયા બાદ ભાવમાં થોડા સમય માટે ઘટાડો થયો હતો, જે વિક્રમજનક સપાટીએ પહોંચેલા ભાવને કાબુમાં રાખવાનો પ્રયાસ હતો. સ્થાનિક ભાવમાં ઘટાડો અને વધારાના સ્ટોક વચ્ચે ભારત 13 મે સુધી ખાંડની નિકાસ કરી રહ્યું હતું. ગયા મહિનામાં આ પરિસ્થિતિ બદલાઈ ગઈ, જેના કારણે સરકારને પગલાં લેવા દબાણ કરવામાં આવ્યું. ખાંડના મિલરો કહે છે કે, આગામી બે ખાંડ સીઝન પર અલ નીનોની અસર અંગેની અનિશ્ચિતતા અને ઉત્પાદનમાં ઘટાડો પણ ભાવ પર અસર કરી રહ્યો છે.

કિંમતમાં વધારાને કારણે ખાંડની માંગ પર કોઈ અસર થઈ નથી, જેના કારણે ભાવ સ્થિર રહેશે, તેમ ખાંડ બ્રોકર જણાવે છે. દેશમાં છેલ્લા કેટલાક અઠવાડિયામાં ખાંડના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, છૂટક ખાંડના ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ. 49 થઈ રૂ. 55 સુધી પહોંચી ગયા છે, જ્યારે જથ્થાબંધ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. 4,800 સુધી પહોંચી ગયા છે. જોકે, ખાંડ ઉદ્યોગના નિષ્ણાતો અને ઉદ્યોગસાહસિકો માને છે કે આ વધારો કામચલાઉ છે અને ઉદ્યોગની લાંબા ગાળાની નાણાકીય સમસ્યાઓનો ઉકેલ લાવશે નહીં.

આગામી બેઠકમાં RBI વ્યાજદર વધારી શકે છે : ICICI બેન્ક

જો ક્રુડ ઓઇલના ભાવમાં નરમાઇ આવે તો આ નિર્ણય એપ્રિલ 2027 સુધી મુલતવી રખાશે

મુંબઇ, તા. 6: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલના કારણે ફરી એકવાર ક્રુડ ઓઇલના ભાવમાં વધઘટ જોવા મળી છે. હાલમાં ઇરાન-અમેરિકા વચ્ચે સમજૂતીના અહેવાલના પગલે ક્રુડ ઓઇલનો ભાવ 80 ડોલરની આસપાસ રહ્યો છે, પણ હજુય સ્પષ્ટ ચિત્ર દેખાતું નથી એટલે કે ફરીથી ક્રુડના ભાવ ઉછળી શકે છે, જેના લીધે આયાતી બિલ વધવાના કારણે ભારતીય અર્થતંત્રને ફટકો પડી શકે છે, જેથી ફુગાવો વધશે, જેના લીધે આરબીઆઇએ વ્યાજદર વધારો કરવાની ફરજ પડી શકે છે. આઇસીઆઇસીઆઇ બેન્કના કહેવા અનુસાર જો ક્રુડ ઓઇલના ભાવ ઉંચા સ્તરે રહેશે તો આરબીઆઇ ડિસેમ્બરથી રેપો રેટ વધારવાથી પ્રક્રિયા શરૂ કરી શકે છે. જેથી આ સમયગાળામાં વ્યાજદરમાં 50 બેસીસ પોઇન્ટનો વધારો થઇ શકે છે. આઇસીઆઇસીઆઇ બેન્કના જણાવ્યા અનુસાર જો ક્રુડ ઓઇલના ભાવમાં નરમાશ આવે છે તો આરબીઆઇ ડિસેમ્બર 2026ને બદલે એપ્રિલ 2027થી વ્યાજદરમાં વધારો કરવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે. બેન્કનું કેહવું છે કે તેની મુખ્ય સંભાવના એ છે કે વ્યાજદરમાં વધારો થોડા સમય પછી શરૂ થવાની સંભાવના છે. બેંકે સ્પષ્ટતા કરી છે કે આ તેનું પોતાનું મૂલ્યાંકન છે. આને આરબીઆઇનો સત્તાવાર સંકેત અથવા ભાવિ નાણાકીય નીતિના માર્ગદર્શન તરીકે ગણવું જોઇએ નહીં.

ન્યુલેન્ડ લેબોરેટરીઝ આકર્ષક પરિણામ પછી 10% થી વધુ ઉછળીને રેકોર્ડ સ્તરે પહોંચ્યો

ન્યુલેન્ડ લેબોરેટરીઝ આજે તેના આકર્ષક પરિણામ પછી 10% થી વધુ ઉછળીને રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતો. NSE પર આ શેર રૂ. 21,999 ની નવી ટોચે પહોંચ્યો, જે તેના અગાઉના રૂ. 19,956 ના બંધ કરતા 10.2 ટકા વધુ છે. ન્યુલેન્ડ લેબોરેટરીઝએ વાર્ષિક ધોરણે નફામાં તીવ્ર સુધારો નોંધાવ્યો અને તેના બોર્ડે તેલંગાણામાં તેની યુનિટ 1 સુવિધામાં ઉત્પાદન ક્ષમતાના વિસ્તરણને મંજૂરી આપ્યા પછી આ તેજી આવી. ન્યુલેન્ડ લેબોરેટરીઝે નાણાકીય વર્ષ 27 ના પહેલા ક્વાર્ટરમાં રૂ. 147.36 કરોડનો ચોખ્ખો નફો (PAT) નોંધાવ્યો. આ માર્ચ 2026 ના ક્વાર્ટરમાં 212.52 કરોડ કરતા ઓછો હતો પરંતુ નાણાકીય વર્ષ 26 ના પહેલા ક્વાર્ટરમાં નોંધાયેલા 13.71 કરોડ કરતા વધુ હતો. કંપનીના બોર્ડે તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લાના ગુમ્માદીદલા મંડળના બોન્થાપલ્લી ગામમાં સ્થિત યુનિટ 1 માં ઉત્પાદન ક્ષમતા વધારવાની મંજૂરી આપી છે. પ્રસ્તાવિત ક્ષમતા વધારામાં 18 KLનો વધારો કરવામાં આવ્યો છે અને તેના માટે રૂ39.8 કરોડના રોકાણની જરૂર પડશે. કામગીરી પર ટિપ્પણી કરતા, ન્યુલેન્ડ લેબોરેટરીઝના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર સહર્ષ દાવુલુરીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 27 ના પહેલા ક્વાર્ટરમાં કંપનીની અપેક્ષાઓ પૂર્ણ થઈ છે.

મસ્કની સેટેલાઇટ કંપની સ્ટારલિંક હવે મોબાઈલ સેવા શરૂ કરશે

વર્ષ 2027ના અંત સુધીમાં મોબાઇલ સેવા લોન્ચ કરાશે: સ્પેસએક્સનો મોટો ધડાકો

નવી દિલ્હી, તા. 6: સેટેલાઇટ ઇન્ટરનેટ ક્ષેત્રે ક્રાંતિ સર્જનારી સ્પેસએક્સ કંપનીના વડા એલોન મસ્કે હવે ગ્લોબલ ટેલિકોમ માર્કેટમાં ધડાકો કરવાની તૈયારી કરી લીધી છે. કંપની વર્ષ 2027ના અંત સુધીમાં પોતાની સત્તાવાર સબસક્રિપ્શન આધારિત મોબાઇલ સેવા શરૂ કરવાનું આયોજન કરી રહી છે. આ જાહેરાત થતા જ અમેરિકાની અગ્રણી ટેલિકોમ કંપનીઓમાં કડાકો બોલાવાનું શરૂ થઇ ગયું છે. જેમાં ટી-મોબાઇલ, વેરિઝોન અને એટી એન્ડ ટીનો સમાવેશ થાય છે.

સ્પેસએક્સના પ્રેસિડન્ટ ગ્વિન શોટવેલેએ જણાવ્યું હતું કે, કંપની હવે માત્ર સેટેલાઇટ કેપેસિટી સુધી સીમિત ન રહેતા ટેરેસ્ટ્રીયલ સીસ્ટમ પણ તૈયાર કરી રહી છે. આ સીસ્ટમ મારફતે સ્ટારલિંક હવે ડાયરેકટ ટુ ડિવાઇસ સર્વિસમાંથી બહાર આવીને મોબાઇલ કંપનીઓને સીધી ટક્કર આપશે.

કંપનીના જણાવ્યા અનુસાર અમેરિકાનું સેલ્યુલર માર્કેટ 600 અબજ ડોલરનું છે અને સ્ટારલિંક તેમાં મોટો હિસ્સો મેળવવા આશાવાદી છે. કંપની ડાયરેકટ સેટેલાઇટ કનેકટીવિટી મારફતે કવરેજ વગરના ડેડ ઝોન સંપુર્ણપણે નાબૂદ કરશે.

ટાટા સન્સ, અન્ય 16ને રિઝર્વ બેન્કે મોટી NBFC તરીકે વર્ગીકૃત કરી

અપર લેયર શ્રેણીમાં ચાર સરકારી માલિકીની નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓનો પણ સમાવેશ

મુંબઈ, તા. ૬(પીટીઆઈ): ભારતીય રિઝર્વ બેંકે ગુરુવારે ૧૭ મોટી NBFCsની યાદી જાહેર કરી છે, જેમાં ટાટા સન્સનો પણ સમાવેશ થાય છે. જો કે, આરબીઆઈએ જણાવ્યું છે કે આ કોંગ્લોમરેટ(ટાટા સન્સ)નો દરજ્જો તેની ડી-રજીસ્ટ્રેશન અરજીના પરિણામ પર નિર્ભર રહેશે. આ યાદીમાં 'અપર લેયર' શ્રેણીમાં ચાર સરકારી માલિકીની નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓનો પણ સમાવેશ થાય છે. જેમાં REC, PFC, IRFC અને HUDCOનો સમાવેશ થાય છે. યાદીમાં સામેલ અન્ય મોટી NBFCsમાં બજાજ ફાઇનાન્સ લિમિટેડ, શ્રીરામ ફાઇનાન્સ અને ટાટા કેપિટલનો સમાવેશ થાય છે.

અપર લેયરમાં વર્ગીકૃત કરવામાં આવેલી NBFCs ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે સખત નિયામક જરૂરિયાતોને આધીન રહે છે અને ઓળખ થયાના ત્રણ વર્ષની અંદર તેમના શેર સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટ કરવા જરૂરી છે. ટાટા સન્સ અંગે આરબીઆઈએ જણાવ્યું હતું કે, "NBFC-UL ની યાદીમાં તેનો સમાવેશ ડી-રજીસ્ટ્રેશન માટેની તેની અરજીના પરિણામને ધ્યાનમાં લીધા વિના કરવામાં આવ્યો છે, જે હાલ તપાસ હેઠળ છે."

એચસીસીએ પ્રથમ ક્વાર્ટરમાં રૂ. 51 કરોડનો નફો કર્યો, પણ આવક ઘટી

મુંબઈ, તા. 6: ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કંપની-એચસીસીના જુન ક્વાર્ટરમાં પરિણામો જાહેર થયા છે. કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 51.08 કરોડ થયો છે. ગત વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 50.73 કરોડ હતો. જોકે, કંપનીની કામગીરીથી આવક એક વર્ષ પહેલા રૂ. 1091.30 કરોડથી 9 ટકા ઘટીને રૂ. 993.40 કરોડ થઈ છે. જ્યારે ઇબિટા માર્જિન 16.44 ટકાથી ઘટીને 10.54 ટકા થઈ ગઈ છે. જુન ક્વાર્ટર દરમ્યાન એચસીસીને રૂ. 125 કરોડનો નવો ઓર્ડર મળ્યો હતો. કંપની લગભગ રૂ. 2124 કરોડના પ્રોજેક્ટસમાં સૌથી ઓછી બીડર હતી.

સોનાનો ભાવ રૂ. 1.53 લાખ સાથે 7 અઠવાડિયાની સૌથી ઊંચી સપાટીએ

ચાંદીના ભાવમાં પણ રૂ. 2,100નો ઉછાળો નોંધાયો

નવી દિલ્હી, તા. ૬ (પીટીઆઈ) રૂપિયામાં ધોવાણ અને વૈશ્વિક મજબૂત વલણોને પગલે રાષ્ટ્રીય રાજધાનીમાં ગુરુવારે સતત ત્રીજા સત્રમાં સોનાના ભાવમાં તેજી રહી હતી અને તે રૂ. ૩,૮૦૦ ઉછળીને ૭ સપ્તાહની ઊંચી સપાટી રૂ. ૧.૫૩ લાખ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયું હતું. ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી પીળી ધાતુ બુધવારના બંધ સ્તર રૂ. ૧,૫૦,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામથી રૂ. ૩,૮૦૦ વધીને રૂ. ૧,૫૩,૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ (તમામ કર સહિત) થઈ હતી. સોનું છેલ્લે ૧૮ જૂને રૂ. ૧,૫૩,૪૪૦ પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ બંધ થયું હતું. ચાંદી પણ અગાઉના સત્રના રૂ. ૨,૩૨,૭૦૦ પ્રતિ કિલોગ્રામથી રૂ. ૨,૧૦૦ વધીને રૂ. ૨,૩૪,૮૦૦ પ્રતિ કિલોગ્રામ (તમામ કર સહિત) થઈ હતી. વેપારીઓએ જણાવ્યું હતું કે, નબળા રૂપિયાને કારણે સ્થાનિક બજારમાં આયાતી બુલિયન મોંઘું થયું હતું, જ્યારે નબળા યુએસ ડોલર અને ટ્રેઝરી યીલ્ડમાં ઘટાડા વચ્ચે વિદેશી સોનાના ભાવમાં થયેલા વધારાથી કિંમતી ધાતુઓને વધુ ટેકો મળ્યો હતો. ગુરુવારે યુએસ ડોલર ઇન્ડેક્સમાં મામૂલી વધારો અને યુએસ ટ્રેઝરી બોન્ડ યીલ્ડમાં થોડા વધારાને કારણે રૂપિયો યુએસ ડોલર સામે ૧૬ પૈસા ઘટીને ૯૫.૨૪ (પ્રોવિઝનલ) પર બંધ થયો હતો.

LICનો પ્રથમ ક્વાર્ટરમાં નફો 23 ટકા વધીને 13492 કરોડ થયો

રિન્યુઅલ પ્રીમિયમથી કંપનીની આવક વધીને રૂ. 61833 કરોડ થઇ

મુંબઈ, તા. 6: એલઆઇસીએ જુન ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ સમયગાળામાં કંપનીનો નફો 23 ટકા વધીને રૂ. 13492 કરોડ થયો છે. એક વર્ષ પહેલા આજ સમયગાળામાં કંપનીનો નફો રૂ. 10987 કરોડ હતો. એલઆઇસી દેશની સૌથી મોટી વીમા કંપની છે. જુન ક્વાર્ટરમાં કંપનીની કુલ આવક વધીને રૂ. 237848 કરોડ થઈ છે. જે એક વર્ષ પહેલા રૂ. 222863 કરોડ હતો. એલઆઇસીએ એક્સચેન્જ ફાઇલીંગમાં જણાવ્યું છે કે, કંપનીનું પ્રથમ વર્ષનું પ્રીમીયમ વધીને રૂ. 9217 કરોડ થયું છે. એક વર્ષ પહેલા આજ સમયગાળામાં તે રૂ. 7525 કરોડ હતો. રિન્યુઅલ પ્રીમિયમથી કંપનીની આવક વધીને 61,833 કરોડ રૂપિયા થઈ છે. એક વર્ષ પહેલા આ જ સમયગાળામાં તે 59885 કરોડ રૂપિયા હતો. સિંગલ પ્રીમિયમથી કંપનીની કુલ આવક 56369 કરોડ રૂપિયા રહી છે. એક વર્ષ પહેલા આ જ સમયગાળામાં તે 51923 કરોડ રૂપિયા હતો. આ સમયગાળા દરમિયાન કંપનીની ચોખ્ખી પ્રીમિયમ આવક વધીને 1,27,250 કરોડ રૂપિયા થઈ છે. એક વર્ષ પહેલા સમાન સમયગાળામાં તે 1,19,200 કરોડ રૂપિયા હતો.

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રકુલ/સાલાસર/કેપલોન	રૂા.				
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૩	૭૫/૩૬	''	૧૩૧	----- ---
૩૦/૩૬ એફડી	૨૬૨.૫	૫૦/૩૬	''	૧૪૦	૮૦/૭૨ બ્લેક રોટો ૧૪૯.૨૫
લોકલ		૫૦/૪૮ SD/કેપ		૨૪૬	**ગાર્ડન**
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	**RIL રિલાયન્સ**			૪૯/૨૪ એફડીવાય ૧૩૬
૬૮/૩૬	૧૩૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ		૧૩૫.૫	૩૦/૧૪ ક્રિમ્પ ૧૯૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૬.૫	૧૧૪.૧૩ રોટો		---	૬૨ ક્રિમ્પ ૧૪૩
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪.૫	૧૦૦ ટેક્ષ		૧૩૪.૫	૬૮ ક્રિમ્પ ૧૪૧
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫.૫	**વેલનોન** (જીએસટી સાથે)			૭૨ ક્રિમ્પ ૧૩૯.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ રોટો		૧૪૦	૭૫ ક્રિમ્પ ૧૩૮.૫
૮૦/૭૨ રોટો.	૧૩૮.૫	૮૦/૭૨ ફોલ્ડર		૧૪૯.૨૫	૮૦ ક્રિમ્પ ૧૩૬
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	૧૬૦ ડીસ્કેટ		૪૯.૨૫	૮૦/૭૨ રોટો ૧૪૦
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૪	---		---	૩૦/૨૪ બ્રાઇટ ---
		૮૦/૧૦૮	''	૧૪૧.૫	૩૦/૩૬ એફડી ---
					TPM ૧૩૯

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૮૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૨૦૦
એમ-૩૦	૫૨૦૦
એસ-૩૦	૫૧૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૧૦૦
એસ-૩૦	૫૦૦૦

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૧૦૦
તેજાબી સોનું	૧૫૨૦૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૪૫૦૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૦૬૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૧૦૦૦
ચાંદી (૯૯૯)	૨૨૯૭૦૦
ચાંદી સિક્કા	૨૩૧૨૦૦

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 6 +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

નોકરી વિષયક

Female Computer Operator Required. Visit for Interview in Office hours 9:45 AM to 6:45 TO 210, Green Atria, Opp. Sneh Sankul Wadi, Anand Mahal Road, Adajan 7211100031 (240)

**ફિઝિયોથેરા